| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJJN070006822021** | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૨૬/૦૨/૨૦૨૧ | | |
| | | દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૧ | | |
| | | ફેંસલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૧ | ૧૧ |

**-:: નમૂનો-અ ::-**

**આંક-**

| **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રી ની કોર્ટમાં, મું.માંગરોળ** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૫૭૦/૨૦૨૧ |
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | જુગારધારાની કલમ-૪, ૫ મુજબ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ગુના રજી. નં. ૧૧૨૦૩૦૫૫૨૦૦૬૩૧/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | શીલ પોલીસસ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પીશ્રી જે. એન. શ્રીમાળી |
| આરોપી પક્ષ | (૧) લખમણભાઈ મેરામણભાઈ પરમાર, ઉ.વ.-૨૬, ધંધો-ખેતી, રહે. પાતા, તા.જિ. પોરબંદર.<br>(૨) નાથાભાઈ મંગાભાઈ ચુડાસમા, ઉ.વ.-૬૦, ધંધો-મજૂરી, રહે. તલોદ્રા, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૩) રમેશભાઈ છગનભાઈ વાજા, ઉ.વ.-૫૦, ધંધો-મજૂરી, રહે. શીલ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૪) હરસુખભાઈ મેપાભાઈ પરમાર, ઉ.વ.-૪૦, ધંધો-મજૂરી, રહે. શીલ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૫) મગનભાઈ હીરાભાઈ ભરડા, ઉ.વ.-૪૦, ધંધો-મજૂરી, રહે. શીલ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૬) રામજીભાઈ મંગાભાઈ કાથડ, ઉ.વ.-૩૯, ધંધો-મજૂરી, રહે. કારેજ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૭) દિપકભાઈ હરીલાલ નાંડોરિયા, ઉ.વ.-૩૨, ધંધો-મજૂરી, રહે. તલોદ્રા, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૮) સાકીબખશા ઉર્ફે સાકીબશા હુસેનખા બેલીમ, ઉ.વ.-૩૦, ધંધો- મજૂરી, રહે. ઝરિયાવાડા, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૯) સંજયભાઈ નારણભાઈ નંદાણિયા, ઉ.વ.-૨૭, ધંધો-વેપાર, રહે. ખજૂરીયા, તા. જામખંભાળિયા, જિ. દેવભૂમી દ્વારકા.<br>(૧૦) દીપેન અશ્વિનભાઈ રાણીગા, ઉ.વ.-૩૧, ધંધો-વેપાર, જામખંભાળિયા, જિ. દેવભૂમિ દ્વારકા. |
| રજૂઆત | આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર. કે. ડાકી તથા વાય. આઈ. કાલવાત |

## –:: નમૂનો – બ ::–

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૧૧/૨૦૨૦ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૬/૧૧/૨૦૨૦ |
| ચાર્જશીટ રજુ કર્યાની તારીખ | ૨૬/૦૨/૨૦૨૧ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૧૩/૧૦/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૧/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ----- |

## –:: આરોપીની વિગત ::–

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો. કા. સંહિતા કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | લખમણભાઈ મેરામણભાઈ પરમાર | ૦૬/૧૧/૨૦૨૦ | ૦૬/૧૧/૨૦૨૦ | જુગારધારા ની કલમ ૪, ૫ મુજબ | નિર્દોષ છોડ્યા | – | – |
| ૨. | નાથાભાઈ મંગાભાઈ ચુડાસમા | | | | | | |
| ૩. | રમેશભાઈ છગનભાઈ વાજા | | | | | | |
| ૪. | હરસુખભાઈ મેપાભાઈ પરમાર | | | | | | |
| ૫. | મગનભાઈ હીરાભાઈ ભરડા | | | | | | |
| ૬. | રામજીભાઈ મંગાભાઈ કાથડ | | | | | | |
| ૭. | દિપકભાઈ હરીલાલ નાંડોરિયા | | | | | | |
| ૮. | સાકીબખશા ઉર્ફે સાકીબશા હુસેનખા બેલીમ | | | | | | |
| ૯. | સંજયભાઈ નારણભાઈ નંદાણિયા | ૧૪/૧૨/૨૦૨૦ | ૧૪/૧૨/૨૦૨૦ | | | | |
| ૧૦. | દીપેન અશ્વિનભાઈ રાણીગા | | | | | | |

### :: નમૂનો – ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદપક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.પ.સા.૧ | વેજાણંદ કાનાભાઈ ચુડાસમા | પંચ શાહેદ |
| ફ.પ.સા.૨ | દિનેશ ભીખા ડાકી | પંચ શાહેદ |
| ફ.પ.સા.૩ | રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમા | ફરિયાદી |

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ

| **અનુ. નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૪૩ | પંચ શાહેદ વેજાણંદભાઈ કાનાભાઈ ચુડાસમાની જુબાની |
| ૨ | ૪૪ | પંચનામું |
| ૩ | ૪૫ | પંચ શાહેદ દિનેશ ભીખા ડાકીની જુબાની |
| ૪ | ૬૨ | ફરિયાદી રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાની જુબાની |
| ૫ | ૬૩ | અસલ ફરિયાદ |

### -:: ચુ કા દો ::-

## (૧.) <u>કેસની ટુંકમા હકીકત</u> :-

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નં. (૧)માં જણાવેલ આરોપી નં. ૯ તથા ૧૦નાઓએ કોલમ નં.(૨)માં જણાવેલ શાહેદ નં.૮ વાળાની દુકાન ભાડે રાખી, આરોપી નં.૧ને પગારદાર તરીકે રાખી, એચ. એસ. માર્કેટિંગ પ્રાઈવેટ ઓનલાઈન યંત્રો વેચવાની ફ્રેન્ચાઈઝ મેળવી, લેપટોપ/LED ટીવીના માધ્યમ દ્વારા ઓનલાઈન ધાર્મિક યંત્રોનો આંક ફેર નામનો પૈસાની હારજીતનો જુગાર આરોપી નં.૧એ આરોપી નં.૯ તથા ૧૦ની સૂચના મુજબ આરોપી નં.ર થી ૮ પાસે રમી, રમાડી, યંત્રોના ચિત્રો ઉપર ૧૧ રૂપિયા મુકાવી, દર પંદર મિનિટ ડ્રો કરી, વિજેતા આંકને રૂપિયા ૧૧ના બદલામાં ૧૦૦ રૂપિયા આપી, નિયમો/શરતોનુસાર ચાંદીના સીક્કા કે યંત્રો નહીં આપી, જુગાર રમી, રમાડતા, જુગારમાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ તથા રોકડા રૂપિયા મળી, કુલ કિં. રૂા. ૩૯,૫૮૦/-ના સાહિત્ય સાથે આરોપી નં.૧ થી ૮ પકડાઈ જઈ, તથા

આરોપી નં.૯ તથા ૧૦ નાસી જઈ, તમામ આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન ૨૨૪૪/૨૦૧૩ જણાવેલ શરતોનો ભંગ કરી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, જેના સંદર્ભે શીલ પોલીસ સ્ટેશનમાં ગુ. ર. નં. ૧૧૨૦૩૦૫૫૨૦૦૬૩૧/૨૦૨૦ થી નોંધવામાં આવેલી, અને તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી, બનાવ બાબતે પંચનામું કરી, લાગતાં-વળગતાં શાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા નોંધાઇ આવતાં, અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

## (૨.) <u>ન્યાયિક કાર્યવાહી:</u>

હાલના કામના ચારોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં, ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીઓને કાઢવામાં આવતાં આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. સી.આર.પી.સી. કલમ – ૨૦૭ માં ઠરાવેલા જોગવાઈ અનુસાર આરોપીઓને તેઓને બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્ય સોંપ્યાની ખાતરી કર્યા બાદ ગુન્હાની સમજ આપી, **આંક-૨૭ થી આંક-૩૬** લગત આરોપીઓનું નિવેદન નોંધતાં, તેની સામેનો ગુનાનો ઇનકાર કરેલ છે. જેથી સદરહું અધિનિયમની કલમ-૨૪૨ મુજબ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩.) ત્યારબાદ ફરિયાદ પક્ષના કેસની હકીકત તથા કેસના સંજોગો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. દ્વારા કરતાં પુરાવો બંધ જાહેર કરતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઇ આવતા આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે ગુનામાં સંડોવવામાં આવેલ છે. કહેવાતો ગુનો અમોએ કયારેય કરેલ નથી.

ત્યારબાદ ફરિયાદપક્ષના વિ.એ.પી.પી. શ્રી તથા આરોપી પક્ષના વિ.વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવી.

ફરિયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતા કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં.(૧)માં જણાવેલ આરોપી નં. ૯ તથા ૧૦નાઓએ કોલમ નં.(૨)માં જણાવેલ શાહેદ નં.૮ વાળાની દુકાન ભાડે રાખી, આરોપી નં.૧ને પગારદાર તરીકે રાખી, એચ. એસ. માર્કેટિંગ પ્રાઈવેટ ઓનલાઈન યંત્રો વેચવાની ફ્રેન્ચાઈઝ મેળવી, લેપટોપ/LED ટીવીના માધ્યમ દ્ધારા ઓનલાઈન ધાર્મિક યંત્રોનો આંક ફેર નામનો પૈસાની હારજીતનો જુગાર આરોપી નં.૧એ આરોપી નં.૯ તથા ૧૦ની સૂચના મુજબ આરોપી નં.૨ થી ૮ પાસે રમી, રમાડી, યંત્રોના ચિત્રો ઉપર ૧૧ રૂપિયા મુકાવી, દર પંદર મિનિટ ડ્રો કરી, વિજેતા આંકને રૂપિયા ૧૧ના બદલામાં ૧૦૦ રૂપિયા આપી, નિયમો/શરતોનુસાર ચાંદીના સીક્કા કે યંત્રો નહીં આપી, જુગાર રમી, રમાડતા, જુગારમાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ તથા રોકડા રૂપિયા મળી, કુલ કિં. રૂા. ૩૯,૫૮૦/–ના સાહિત્ય સાથે આરોપી નં.૧ થી ૮ પકડાઈ જઈ, તથા આરોપી નં.૯ તથા ૧૦ નાસી જઈ, તમામ આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન ૨૨૪૪/૨૦૧૩ જણાવેલ શરતોનો ભંગ કરી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, જુગારધારાની કલમ–૦૪, ૦૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

ઉપરોક્ત મુદ્દાઓ ના આ અદાલતના મત મુજબ નિર્ણયો કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ. |

**<u>–:: કારણો ::–</u>**

**મુદ્દા નં. :– ૧**

(૪.) ફોજદારી કાર્યરીતિ પ્રણાલી પ્રમાણે ફરિયાદપક્ષ તરફે આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાઓ હરકોઇ શંકાથી પર સાબિત કરવાનો હોય અને તે મુજબ આ જવાબદારી ફરીયાદ પક્ષના શીરે છે. સાથોસાથ ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ –૧૩૪ મુજબ શાહેદોનો જથ્થો મહત્ત્વનો નથી, પરંતુ સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની છે, જે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈ પુરાવાકીય મુલ્યાંકન આ મુજબ કરવામાં આવેલ છે.

આ કામે આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર કરવા સારૂં ફરિયાદપક્ષ દ્વારા ભારતીય પુરાવાઅધિનિયમ, ૧૮૭૨ ની કલમ –૧૦૧ થી ૧૦૩ મુજબ ઉપર નોંધ્યા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૫.) ફરીયાદપક્ષ તરફે **પંચ શાહેદ વેજાણંદભાઈ કાનાભાઈ ચુડાસમાને આંક–૪૩થી** તથા **પંચ શાહેદ દિનેશ ભીખા ડાકીને આંક–૪૫થી** તપાસવામાં આવતાં, આ બન્ને પંચ સાક્ષીઓએ **આંક–૪૪થી** રજૂ પંચનામામાં પોતાની સહી સીવાયની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય, વિ. એ.પી.પી.શ્રીની મૈખિક વિનંતીથી સદર પંચને ફરી ગયેલા જાહેર કરી, ફરિયાદપક્ષે વિ. એ. પી. પી.શ્રીએ પંચ શાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્ત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી. આમ, આ પંચ સાક્ષીની જુબાનીથી આ કામના આરોપીના આરોપનામાની વિગતો પુરવાર થઇ શકેલ નથી.

(૬.) ફરીયાદપક્ષ તરફે **ફરિયાદી રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાને આંક–૬૨થી** તપાસેલ છે અને તેઓએ જણાવેલ છે કે, તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે મળેલ બાતમીના આધારે શીલ ટાઉનમાં વાછરડાદાદાના મંદિરની પાસે વિજય ફરસાણની દુકાનની સામે, શીલ ગામના મનુ ઉર્ફે નાનુ ભાયાભાઈ વાઝાની દુકાનમાં પંચો સાથે હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતાં, કુલ આઠ

ઇસમો હાજર હોય, જે પૈકી એક ઇસમ કોમ્પ્યુટર ઉપર ઓનલાઇન કામગીરી કરતો હોય તથા સાત ઇસમો તેની પાસે ઉભેલા હોય, જે તેઓ પોલીસ તથા પંચોને જોઇ દુકાનમાંથી ત્રણ ઇસમો ભાગવા જતાં, તેને પકડી પાડેલ અને તમામને પોલીસની ઓળખ આપી, દુકાનમાં હાજર ઇસમો પૈકી ઓનલાઇન કામગીરી કરનાર લખમણભાઈ મેરામણભાઈ પરમાર બાબતે પુછતા એક ઇસમે પોતાનું નામ લખમણભાઇ મેરામણભાઇ પરમાર, રહે. પાતા ગામ, તા.જી. પોરબંદર વાળો હોવાનું જણાવેલ અને જુગારધારાની કલમ–૬ મુજબના ખાસ વોરન્ટના સારની સમજ કરી, તેમાં તેની સહી લીધેલ અને તેને પૂછતાં, તેણે જણાવેલ કે તે બે મહીનાથી સંજયભાઇ નારણભાઇ નંદાણીયા તથા દિપેનભાઈ રાણીંગા, બંને રહે. ગામ ખંભાળીયા વાળાઓના કહેવાથી આંક ફેરનો ધંધો કરે છે અને જે ગ્રાહકો આવે છે તેની પાસેથી એક થી દસ આંક ઉપર ૧૧ રુપીયાના ગુણાંકમાં રુપીયા લગાડવામાં આવે છે અને દર પંદર દિવસે ડ્રો થાય છે અને ૧ થી ૧૦ આંકડા પૈકીના કોઈ આંકને વિજેતા જાહેર કરવામાં આવે છે અને જેને વિજેતા જાહેર કરવામાં આવે તેને ૧૧ રુપીયાની સાથે ૧૦૦ રુપીયા આપવામાં આવે છે.

આ રમતમાં રમવા આવનાર માણસને ચાંદીના સીક્કા કે યંત્ર આપવાને બદલે સીધા રોકડા રુપીયાથી વહેવાર કરે છે અને ચાંદી જેવી ધાતુના સિક્કા તેમજ યંત્રો ફકત દેખાવ માટે રાખવામાં આવેલ છે. ચાંદી જેવી ધાતુના સીકકા તેના ટેબલના ખાનામાં રાખવામાં આવે છે અને આખા દિવસનો હિસાબ તેમના બંને શેઠ કહે તેમ મોકલી આપું છું તેમજ દુકાનમાં હાજર સાત ઇસમો જુગાર રમવા આવેલાની હકકીત જણાવેલ તેમજ દુકાનમાં ભીત ઉપર પ્લાસ્ટીકનું પોસ્ટર લગાડેલ, જેમાં નોંધ લખેલ કે, લાગતાં–વળગતાં તમામે નોંધ લેવી કે એચએસ ઓનલાઇન માર્કેટીંગ એ ગુજરાત હાઇકોર્ટ સ્પે. સિવિલ એપ્લી. ૨૨૪૭/૧૩નો હુકમ વંચાણે લેતાં અને હાજર ઇસમોને હુકમ બાબતે પુછતા હુકમ પ્રમાણે કોઈ કાર્યવાહી થતી ન હોવાનું અને કોઇને પણ યંત્ર કે ચાંદીના સિક્કા આપતા ન હોવાનું જણાવેલ હોય તેમજ પૂર્વ દિવાલમાં એક ટીવી સ્ક્રીન ચાલુ હોય, તેમાં ૧૦ યંત્રોના ચિન્હો

જોવમાં આવેલા તેમજ સદર ઈસમ બેસેલ તે ટેબલના થડામાં જુદા જુદા દરની નોટો તથા ચલણી સિક્કા જોવમાં આવેલા તેમજ અન્ય ઈસમોના વારાફરતી નામ–ઠામ પુછતાં, તેમજ અંગ ઝડતી કરતાં, એક ઈસમે પોતાનું નામ નાથાભાઈ મંગાભાઈ ચુડાસમા, રહે. તલોદરા વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રુા. ૩૨૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

બીજા ઈસમે પોતાનું નામ રમેશભાઈ છગનભાઈ વાજા, રહે. શીલ વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રૂા. ૧૧૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

ત્રીજા ઈસમે પોતાનું નામ હરસુખભાઈ મેપાભાઇ પરમાર, રહે. શીલ વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રૂા. ૩૧૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

ચોથા ઈસમે પોતાનું નામ મગનભાઈ હીરાભાઈ ભરડા, રહે. શીલ વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રૂા. ૧૦૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

પાંચમાં ઈસમે પોતાનું નામ રામજીભાઈ મંગાભાઈ કાથડ, રહે. કારેજ ગામ, શીલ વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રૂા. ૩૫૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

છઠ્ઠા ઈસમે પોતાનું નામ દિપકભાઈ હરીલાલ મિસ્તી, રહે. ગલોદરા વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રૂા. ૧૧૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

સાતમાં ઈસમે પોતાનું નામ સાહીદખા હુશેનખા બેલીમ, રહે. જરીયાવાડા વાળા હોવાનું જણાવેલ અને તેની પાસેથી રોકડા રૂા. ૬૦૦/– મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

તેમજ દુકાનમાં ઝડતી તપાસ કરતાં, આ જુગાર રમાડવા ઉપયોગમાં લીધેલ લેપટોપ, પ્રિન્ટર તથા ટીવીના વાયર તથા ચાંદી જેવી ધાતુના સિક્કા મળી આવેલ, જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ, તેમને આંક–

૭૪ વાળુ પંચનામું બતાવવામાં આવે છે, તેમાં બે પંચોની તથા તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. આરોપીઓ વિરુધ્ધ તેઓએ ફરિયાદ આપેલી, તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે, જેમાં તેમની સહી છે, જે ઓળખે છે, જે ફરિયાદ દા.આં.૬૩.

આરોપીઓને ઓળખે છે, આરોપીઓ હાજર નથી, મુકતી રીપોર્ટ છે, ઓળખી તકરાર નથી.

આ ગુનાની તપાસ તેઓને મળતાં, તેઓએ તપાસ સંભાળી, લાગતાં–વળગતાં શાહેદોના નિવેદન લીધેલા, આરોપીઓ વિરુધ્ધ પૂરતો પરાવો હોય ચાર્જશીટ કરેલ.

ત્યારબાદ આરોપી નં.૧ થી ૮ ના વિ.વ.શ્રી આર. કે. ડાકીએ તેમજ આરોપી નં. ૯ થી ૧૦ તરફે વિ.વકિલ શ્રી વાય.આઇ.કાલવતે શાહેદની ઉલટતપાસ કરેલ, જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર કામની ફરિયાદ તથા તપાસ તેમણે કરેલ છે, વાછરાદાદાના મંદીરની આજુબાજુ ઘણી બધી દુકાનો આવેલ છે અને જાહેર રસ્તો છે. આરોપીઓની માલીકીની દુકાન નથી, તેમજ દરેક ભારતીય નાગરીકના ખીચામાં ચલણી નોટો હોય છે અને લેપટોપ તથા પ્રિન્ટર કોઇ પ્રતિબંધીત વસ્તુ નથી. આરોપીઓ પાસેથી કોઇ પ્રતિબંધિત વસ્તુઓનો કબજો લેવામાં આવેલ નથી. વધુમાં, આરોપી નં.૦૯ તથા ૧૦ પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી.

**પુરાવાનુ મુલ્યાંકન ::**

**(૭.)** આમ, રજૂ થયેલ ઉપરોક્ત સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા પંચ શાહેદોએ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં, સહી કરી આપેલી, તેમની હાજરીમાં પોલીસે કોઇ પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી, તેવી હકીકત જણાવી પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને પંચનામામાં સહી સિવાય બીજુ કંઇ જાણતા નથી તેવી હકીકત જણાવતા હોય આ પંચ શાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, પોલીસે તેમના તૈયાર પંચનામામાં સહી કરાવેલી હોય

તેમ જણાય આવતુ હોય, આ પંચ શાહેદોના પુરાવાના આધારે પંચનામું નિ:શંકપણે પુરવાર થતુ નથી, તેમજ આ કામે રેઈડમાં સામેલ પોલીસ શાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, રેડમાં સામેલ પોલીસ શાહેદ ફરિયાદ મુજબના બનાવને તથા તેઓએ કરેલ તપાસ અંગેની હકીકતને સમર્થન આપેલ છે અને રેડ કરતા આરોપીઓ કોમ્પ્યુટર ઉપર ઓનલાઈન રમત રમતાં, રોકડ રકમ તથા રમતના સાધનો સાથે હારજીતનો જુગાર રમતાં પકડેલા અને પંચોની હાજરીમાં અટક કરેલા. જે પંચ શાહેદોની હાજરીમાં આરોપીઓને અટક કરેલા તે પંચ શાહેદને આ કામે તપાસવામાં આવતા તેઓએ લખેલા તૈયાર પંચનામામાં પોલીસે સહી કરવાનુ કહેતાં, સહી કરી આપેલી હોવાનું તથા તેમની હાજરીમાં કોઇ પંચનામું કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે. આમ, પંચ શાહેદોએ પંચનામાને સમર્થન આપેલ નથી, જેથી પંચનામામાં જણાવ્યા મુજબ આરોપીઓને જુગાર રમતા અટક કરી, તેઓની પાસેથી મુદામાલ કબજે લીધાની હકીકતને સમર્થન મળતુ નથી. તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદપક્ષના પુરાવા ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદપક્ષે જે સાહેદો તપાસવામાં આવેલ છે તે પોલીસ શાહેદ છે અને આ કામમાં પોલીસ શાહેદો સિવાય કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદનો તપાસ કરનાર અમલદાર દ્વારા લેવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદી તથા અન્ય શાહેદોનો મૌખીક પુરાવો ધ્યાને લેતાં બનાવવાળો વિસ્તાર ઘણો મોટો અને રહેણાંક વિસ્તાર છે, આમ, ગુનાવાળી જગ્યાની આજુબાજુથી સરળતાથી સ્વતંત્ર શાહેદો મળી શકે તેમ હોવા છતાં સ્વતંત્ર શાહેદોના નીવેદન લીધેલા નથી. આ કામે પંચ સીવાયના તમામ શાહેદો પોલીસ સ્ટાફના માણસો હોવાનુ જણાય આવે છે. જેથી પોલીસ શાહેદોના પુરાવાને સ્વતંત્ર પંચ શાહેદના પુરાવાથી સમર્થન મળતું ન હોય, તે સંજોગોમાં માત્ર રેડમાં સામેલ પોલીસ શાહેદ ઉપર આધાર રાખી, આરોપીને ગુનેગાર ઠરાવવા ન્યાયોચીત જણાતુ નથી.

(૮.) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા તથા કેસના સંજોગો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આ કામે રજુ સમગ્ર પુરાવો તેમજ કાયદાકીય કલમો મુજબના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય, તેમજ તે મુજબનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૧ વંચાણે લેવામાં આવે તો ફરિયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે. ફરિયાદપક્ષે રજૂ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, બેનિફિટ ઓફ ડાઉટ આરોપીને જાય તેમ છે, જેથી પ્રબંધો જોતા જ્યારે ફરિયાદપક્ષ પોતાના સાક્ષી પુરાવાથી કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબિત કરવામાં સફળ ન રહે તો આનો લાભ આરોપીને આપવાનું અત્રેની અદાલતને વાજબી અને ન્યાયી જણાય છે. જ્યારે કોઈ કેસમાં શંકા ઉદ્ભવે ત્યારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં, જેથી ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણેસાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

(૧.) આ કામના આરોપીઓ–(૧) લખમણભાઈ મેરામણભાઈ પરમાર, (૨) નાથાભાઈ મંગાભાઈ ચુડાસમા, (૩) રમેશભાઈ છગનભાઈ વાજા, (૪) હરસુખભાઈ મેપાભાઈ પરમાર, (૫) મગનભાઈ હીરાભાઈ ભરડા, (૬) રામજીભાઈ મંગાભાઈ કાથડ, (૭) દિપકભાઈ હરીલાલ નાંડોરિયા, (૮) સાકીબખશા ઉર્ફે સાકીબશા હુસેનખા બેલીમ, (૯) સંજયભાઈ નારણભાઈ નંદાણિયા તથા (૧૦) દીપેન અશ્વિનભાઈ રાણીગાનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૫૫ (૧) અન્વયે જુગાર ધારાની કલમ – ૦૪, ૦૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી

મુકવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીના અપીલ પીરીયડ સુધીના જામીન ચાલુ રાખવામાં આવે છે.

(૨.) અપીલ સમય વિત્યે જુગારના સાધનોનો નાશ કરવો, રોકડ રકમ સરકાર ખાતે લેવી, જો સદર કામે મોબાઈલ કે અન્ય વેલ્યુએબલ વસ્તુ કબજે કરવામાં આવેલ હોય તો તે અંગે તેની માલીકી અંગે યોગ્ય ખરાઈ કરી, પરત કરી, સોંપી આપવા, હુકમ કરવામાં આવે છે તથા નોનવેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, મુદ્દામાલ સંબંધે કરવામાં આવેલ વચગાળાના હુકમની શરતો રદ્દ કરી, આથી કાયમ કરવામાં આવે છે.

**ચુકાદો આજરોજ તારીખ: ૦૬ઠ્ઠી, માહે–એપ્રિલ, સને–૨૦૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી–સિક્કો કરી, જાહેર કર્યો.**

**માંગરોળ,**
**તારીખ. ૦૬ /૦૪ / ૨૦૨૬**

**(આનંદ એમ. મહેતા)**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ**
**માંગરોળ**
**કોડ નં – જીજે ૦૧૬૭૩**